આદિજાતિ વિસ્તાર પેટા યોજના અનુસૂચિત જનજાતિના વકીલોને સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:ટીએપી-૧૦૮૮-૧૬૧૮-ધ,
સચિવાલય,ગાંધીનગર,
તારીખ: 31 JAN 1989

વંચાણે લીધા :-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૪-૭-'૮૭ નો સરકારી ઠરાવ ક્રમાંક:ટીએપી-૧૧૮૬-૨૪૫૧-ધ.

(૨) નિયામકશ્રી, સમાજ કલ્યાણનો તા. ૧૬-૧૨-'૮૮ નો અ.સ.પત્ર ક્રમાંક: સક-વ જ-ક-લોરા-૮૮-૮૯/૫૯૫.

ઠ રા વ :-

રાજ્યમાં આદિજાતિ વિકાસ પેટા યોજના વિસ્તારમાં વસતા અનુસૂચિત જનજાતિના કાયદાનો પદવી મેળવીને પ્રેક્ટીસ કરવા માગતા યુવાનો આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાને કારણે વકિલાતની સ્વતંત્ર પ્રેક્ટીસ કરી શકતા નથી અને અધવચ્ચે પ્રેક્ટીસ છોડી દેતા હોય છે. આવા અનુસૂચિત જનજાતિની વ્યક્તિઓને નાણાકીય સહાય આપવાની યોજના સરકારશ્રીના તા. ૧૪-૭-'૮૭ ના ઠરાવ ક્રમાંક:ટીએપી-૧૧૮૬-૨૪૫૧-ધ અન્વયે અમલમાં મુકવામાં આવેલ છે.

આ યોજનાના અમલીકરણમાં કેટલીક વ્યવહારુ મુશ્કેલીઓ સરકારના ધ્યાન ઉપર આવી છે. તદનુસાર સદરહુ ઠરાવમાં ઉલ્લેખ કરવામાં આવેલ સિલેકશન કમિટિ રદ કરીને સરકારે નીચે પ્રમાણેની સિલેકશન કમિટિની રચના કરવાનું ઠરાવ્યું છે.

(૧) સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, અધ્યક્ષશ્રી.
(૨) નાયબ સચિવ, આદિજાતિ વિકાસ વિભાગ. સભ્ય.
(૩) નિયામકશ્રી, સમાજ કલ્યાણ. સભ્ય સચિવ.

...૨..

આ યોજનાનો લાભ આદિવાસી વિસ્તારમાં રહેતા આદિવાસી વ્યક્તિઓને જ મળી શકશે. જેને ઓછામાં ઓછો સાત વર્ષનો અનુભવ હોય તેને સિનિયર વકીલ ગણવામાં આવશે, અને તેના હાથ નીચે પસંદ થયેલા ઉમેદવારોને પ્રેક્ટીશ કરવાની રહેશે. સીનીયર વકીલના અનુભવ બાબતમાં સાત વર્ષની મર્યાદા જે નિયત કરવામાં આવેલી છે તેમાં સમિતિને યોગ્ય લાગે તો છૂટછાટ મૂકી શકશે.

નિયામકશ્રી, સમાજ કલ્યાણને તેમને મળેલ અરજીઓ અને સીનીયર વકીલોની યાદી મંજુરી માટે સમિતિ સમક્ષ રજૂ કરવાની રહેશે. અન્ય શરતો તારીખ-૧૪-૭-'૮૭ ના ઉપર જણાવેલ ઠરાવ મુજબની રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર. સી. રાઠોડ)
સેકશન અધિકારી,
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી.
નિયામકશ્રી, સમાજકલ્યાણ ખાતુ, ગાંધીનગર.
આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી, સચિવાલય, ગાંધીનગર.
કાર્યપાલક નિયામકશ્રી, આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ.
સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ (ટીએસપી સબંધિત) / સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (ટીએસપી સબંધિત).
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, સચિવાલયના સર્વે વિભાગો,
વિભાગની સર્વે શાખાઓ (રોકડ, ટાઈપ, રજીસ્ટ્રી સિવાય)
નાણા શાખા, આદિજાતિ વિકાસ વિભાગ.
સીલેક્ટ ફાઈલ.

પરેરા:૨૫/૮૯